# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૭-A તા.૨૩-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- SMC,SMDC તાલીમ અન્વયે Teleconferenceના આયોજન બાબત.

સંદર્ભ : - નં/એસએસએ/કોમ્પ્યુ.મોબી/૨૦૨૦/૩૬૩૧૭-૩૮૭ તા.૨૧-૧૦-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો માટે રાજ્યકક્ષાએથી બાયસેગના માધ્યમથી બીજા દિવસની ટેલીકોન્ફરન્સનું આયોજન તા.૨૬-૧૦-૨૦૨૦ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૧-૪૫ કલાક સુધી કરવામાં આવેલ છે તથા તેનું પુનઃ પ્રસારણ તા.૨૭-૧૦-૨૦૨૦ તેમજ તા.૨૮-૧૦-૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૧-૪૫ કલાક સુધી કરવામાં આવશે.

હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને કારણે ૩૦ મિનીટનું આરોગ્ય વિભાગના આરોગ્ય અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન તથા નિર્દશન ઓન એર તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. સદર તાલીમમાં એક સાથે તમામ સભ્યોને બોલાવવાના થતાં નથી.કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. તાલીમમાં શાળાકક્ષાએ તમામ સભ્યોમાંથી ૨૬,૨૭ તથા ૨૮ ઓકટોબર-૨૦૨૦ એ રીતે ત્રણ દિવસ (પ્રથમ દિવસે ચાર, બીજા દિવસે ચાર તથા ત્રીજા દિવસે ચાર એ રીતે કુલ અલગ-અલગ સભ્યોને) ટેલીફોન્ફરન્સમાં હાજરી આપે તેવું આયોજન શાળાકક્ષાએથી કરવાનું રહેશે. શાળાકક્ષાએ આ તાલીમ માટે પ્રતિ સભ્ય દીઠ રૂ.૪૦/- લેખે ચ્હા-કોફી અને નાસ્તાના ખર્ચ માટે એસએમસી.કક્ષાએ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. તાલીમ પૂર્ણ થયા પછી હાજર રહેલ સભ્યોની માહિતી દિન-૩માં સીઆરસી.કક્ષાએ મોકલી આપવાની રહેશે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્ર

તા.૨૩-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર૧૭-, ગાંધીનગર
ફોન-૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેકસઃ ૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં/એસએસએ/કોમ્યુ.મોબી/૨૦૨૦/ 39349-309 તાઃ૨૨/૧૦/૨૦૨૦.

પ્રતિ
૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લાઃતમામ.
૨. જિલ્લા પ્રોજેકટ કોઓર્ડિનેટરશ્રી.
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ ઓફિસ,સમગ્ર શિક્ષા,જિઃતમામ.
૩.શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકાઃએ.એમ.સી.,આર.એમ.સી.,એસ.એમ.સી.,વી.એમ.સી.

વિષયઃSMC, SMDC તાલીમ અન્વયે **Teleconference** ના આયોજન બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિના સભ્યો માટે રાજય કક્ષાએથી બાયસેગના માધ્યમથી બીજા દિવસની Teleconference નું આયોજન તાઃ૨૬/૧૦/૨૦૨૦ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૧:૪૫ કલાક સુધી કરવામાં આવેલ છે તથા તેનું પુનઃપ્રસારણ તાઃ૨૭/૧૦/૨૦૨૦ તેમજ તાઃ૨૮/૧૦/૨૦૨૦ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૧:૪૫ કલાક સુધી કરવામાં આવશે.

હાલની કોરોના મહામારીની પરિસ્થિતિમાં SMC/SMDC ના સભ્યોને ધ્યાનમાં રાખવાની બાબતો અંગે ૩૦ મિનિટનું આરોગ્ય વિભાગના આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા માર્ગદર્શન તથા સમગ્ર શિક્ષા ધ્વારા તૈયાર કરાયેલ video film (દીક્ષા પોર્ટલ અને ગુજરાત વર્ચ્યુઅલ શાળા)નું નિદર્શન ઓન એર તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

સદર તાલીમમાં એક સાથે તમામ સભ્યોને બોલાવવાના થતા નથી આથી અગાઉની તાલીમની જેમ જ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાએ તમામ સભ્યોમાંથી ૨૬, ૨૭ તથા ૨૮ ઓકટોબર-૨૦૨૦ એ રીતે ૩ દિવસ (પ્રથમ દિવસે ૪, બીજા દિવસે ૪ તથા ત્રીજા દિવસે-૪ એ રીતે કુલ અલગ-અલગ સભ્યો) તથા SMDC ના કુલ ૧૫ સભ્યોમાંથી ત્રણ દિવસ (પ્રથમ દિવસે ૫,બીજા દિવસે ૫ તથા ત્રીજા દિવસે-૫ એ રીતે અલગ-અલગ સભ્યો) ટેલિકોન્ફરન્સમાં હાજરી આપે તેવું આયોજન શાળા કક્ષાએ કરવાનું રહેશે.

આથી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં Teleconference નું પ્રસારણ જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવા તથા SMC/SMDC ના સભ્યો આવે ત્યારે કોરોના મહામારીની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરાવવાનું રહેશે તે પ્રમાણેની સંબધિતોને સુચના આપવી.

સદર ટેલિકોન્ફરન્સમાં SMC/SMDC અન્વયે શાળા કક્ષાએ પ્રતિ સભ્ય દીઠ રૂ.૪૦/-લેખે (ચા-કોફી તથા નાસ્તાના ખર્ચ પેટે) ખર્ચ કરવાનો રહેશે. Teleconference પૂર્ણ થયે હાજર રહેલ સભ્યોની સંખ્યા નીચે પ્રમાણેના પત્રક મુજબ દિન-૫ માં મોકલી આપવાની રહેશે.

| Dist. Name | Present Members | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | BRC | CRC | Principal | Project staff | SMC Members | | | Others | Total |
| | | | | | Female | Male | Total | | |
| | | | | | | | | | |

| Dist.Name | Principal | SMDC Members | | | Others | Total |
|---|---|---|---|---|---|---|
| | | Female | Male | Total | | |
| | | | | | | |

નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજુરી અન્વયે.

એડી.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ કચેરી
સેકટર-૧૭,ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

## સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર

### કોમ્યુનિટી મોબીલાઈઝેશન શાખા

### તાઃ ૨૬/૧૦/૨૦૨૦ SMC ટેલીકોન્ફરન્સ પ્રસારણ

### પુનઃપ્રસારણ તાઃ૨૭ ઓકટોબર તથા ૨૮ ઓકટોબર -૨૦૨૦ કાર્યક્રમની રૂપરેખા

### સમયઃ ૧૧:૦૦ થી ૧૧:૪૫

| ક્રમ | સમય | નામ/હોદ્દો | વિષય |
|---|---|---|---|
| ૧ | ૧૧: ૦૦ થી ૧૧:૦૧ ( ૧ મીનીટ ) | સમગ્ર શિક્ષા ધ્વારા તૈયાર કરાયેલ video film | ગુજરાત વર્ચ્યુલ શાળા |
| ૨ | ૧૧: ૦૨ થી ૧૧:૦૩ ( ૧ મીનીટ ) | સુશ્રી ગીતા મકવાણા – આસિ.કોમ્યુનિટી મોબીલાઈઝેશન | કાર્યક્રમની શરૂઆત |
| 3 | ૧૧:૦૪ થી ૧૧:૦૮ ( ૫ મીનીટ ) | સુશ્રી દર્શના સુથાર - ઓફિસર ઈન્ચાર્જ ગર્લ્સ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિટી મોબીલાઈઝેશન | SMC/SMDC બાબતે માર્ગદર્શન |
| ૪ | ૧૧:૦૯ થી ૧૧:૧૨ ( ૦૪ મીનીટ ) | શ્રીમતી પી.ભારતી સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી | SMC/SMDC બાબતે માર્ગદર્શન |
| ૫ | ૧૧:૧૩ થી ૧૧: ૪૨ ( ૩૦ મીનીટ ) | આરોગ્ય વિભાગના તજજ્ઞશ્રી | હાલની પરિસ્થિતિ અન્વયે માર્ગદર્શન |
| ૬ | ૧૧:૪૩ થી ૧૧:૪૪ ( ૦૧ મીનીટ ) | સમગ્ર શિક્ષા ધ્વારા તૈયાર કરાયેલ video film | હોમ લર્નિગ અન્વયે દીક્ષા પોર્ટલ |
| ૭ | ૧૧: ૪૪ થી ૧૧: ૪૫ ( ૧ મીનીટ ) | સુશ્રી ગીતા મકવાણા – આસિ.કોમ્યુનિટી મોબીલાઈઝેશન | સમાપન |